**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૦૨/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી ૧૧૫ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૮ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૨૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૨૭/૧૬**

**રાણીપઃ** રાણીપ વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષની યુવતીએ સીવીલ હોસ્પીટલ ખાતે રાણીપ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૨/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે યુવતીના પિતાએ જમવાનુ માંગતા યુવતીએ કહ્યુ કે મમ્મી માંગવા ગયેલ છે, જમવા બનાવવાનુ લઈને આવે એટલે બનાવી આપુ તેમ કહેતા યુવતીના પિતાએ ઉસ્કેરાઈ જઈ યુવતીને ગડદાપાટુ મારીને કેરોસીન છાંટી દીવાસળી ચાંપી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી વી બી પટેલ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૨૮/૧૬**

**ઘાટલોડીયાઃ** ઘાટલોડીયા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીની માતાએ તા.૧૭/૨/૧૬ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે મંગલમુર્તિ એપાર્ટમેન્ટ નજીકથી તરૂણીને લલચાવી ફોસલાવી આરોપી કલ્પેશ રણછોડભાઇ ઠાકોર (રહે. ગામ.એટા-ભાભર તાલુકો વાવ જિલ્લો બનાસકાંઠા) તેના વતનમાં લઈ જઈ તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી સી જાડેજા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૨૯/૧૬**

**ગોમતીપુર** : મેહ્મુદઅખ્તર હકીમવહેદુજમા અંસારી રહે.પુજારીની ચાલી, ચારતોડા કબ્રસ્તાન સામે, ગોમતીપુર) ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૨/૧૬ નાં કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના દિકરા હમજામહમદ અંસારી (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એ.આર.જનકાન્ત ચલાવે છે

**મણીનગર** : માયાબહેન કિશનભાઇ મછાર (ઉ.વ.૧૫)(રહે.ગણપતિ ગલી, દક્ષીણી મણિનગર) ને તા.૧૫/૨/૧૬ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે મણીનગર, દક્ષીણી દેવકુટિર ફ્લેટ પાસેથી આરોપી ગોવિંદ રામપ્રકાશભાઇ કુશવાહ (રહે.પુનિતનગર ક્રોસિંગ, બાબુભાઇ રબારીની ચાલી, વટવા) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ માયાબહેનની માતા કંકુબહેન મછારે તા.૧૭/૨/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.એસ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૩૦/૧૬**

**કાગડાપીઠઃ** ઉલ્લાસ મદનલાલ બંસલ (રહેસેટેલાઈટ પાર્ક સ્ટાર બજાર પાછળ સેટેલાઈટ) એ તા.૧૭/૨/૧૬ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૪ થી તા.૨૬/૫/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન સારંગપુર જય દુર્ગા ટેક્ષટાઈલ્સ ઘંટાકર્ણ આઈ/૧૦૬ ખાતેથી આરોપી (૧) પવનકુમાર નથમલ મોદી (૨) રાજેશ હરીરામ મોદી અને (૩) વિવેક પવનકુમાર મોદી (રહે.પ્રયાસ કલેક્શન વિમલ એપાર્ટમેન્ટ એસ કે ડેરી પાછળ અગાસી રોડ વિરાટ વેસ્ટ જીલ્લો પાલઘર મહારાષ્ટ્ર) એ ભેગા મળી ઉલ્લાસ બંસલ પાસેથી અગ્રવાલ સમાજના હોવાનુ કહી રૂપિયા ૬૭,૮૪,૪૧૦/- માલ ખરીદ કરી આજદીન સુધી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન કે ડાભી ચલાવે છે.

**બાપુનગર :** પરેશભાઇ બાવચંદભાઇ લાખાણી (રહે.જગતનગર વિભાગ-૧, બાપુનગર) એ તા.૧૭/૨/૧૬ નારોજ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૨/૧૬ બપોરનાં ૨/૩૦ થી ૩/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી રાજુ ઉર્ફે રાજેશ ઉર્ફે ચકો નરેન્દ્રભાઇ ત્રિવેદી (જેના સરનામાની ખબર નથી) એ પરેશભાઇને તથા તેમના મિત્રને ફોન ઉપર પોતાની ઓળખ એ.સી.પી.ઝાલા તથા દિપક તરીકે આપી વિશ્વાસમાં લઇ, રોકડા રૂપિયા ૧,૫૦,૦૦૦/- નું બાપુનગર ડાયમંડ માર્કેટ પાસે આવેલ એચ.રમેશચંદ્ર કુ. નામની આંગડીયા પેઢીથી આંગડીયુ મોકલી, મુંબઇ ખાતે એચ.રમેશચંદ્ર કુ.થી રૂપિયા મેળવી લઇ, પરેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૩૧/૧૬**

**ઇસનપુર : (૧)** અલ્કેશભાઈ ચંદુલાલ રાવલ (રહે.રાજધાની બંગલોઝ, આનંદવાડી બસ સ્ટેન્ડ પાસે, ઇસનપુર) એ તા.૧૭/૨/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૧૬ રાતના ૮/૦૫ થી તા.૧૫/૨/૧૬ સવારના ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી અને કબાટમાંથી સોના-ચાંદીનાં દાગીના, ઘડીયાળો તથા રોકડ રૂપિયા ૧૬,૬૦૦/- મળી કુલ રૂપિયા ૧૨,૫૯,૯૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**(૨)** હિનાબહેન અબ્દુલહફીજ શેખ (રહે.અલફારૂક રો હાઉસ, શાહઆલમ ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૨/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૨/૧૬ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના, ચાંદીના સિક્કા તથા રોકડ રૂપિયા ૭૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)